ઇ-મેઇલ દ્વારા

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષક ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૨૬૬/૨૩, તા.૧૨/૦૬/૨૦૨૩

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૦૫/૦૬/૨૦૨૩ થી તા.૧૧/૦૬/૨૦૨૩ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.

૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.

૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.

૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.

૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.

૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.

૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.

૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.

૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.

૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.

૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.

૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.

૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.

૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.

૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( આર.વી.ડામોર )**
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

# ભાવનગર જીલ્લા પોલીસ

"સાવચેત રહો, સુરક્ષિત રહો"

આઝાદી કા અમૃત મહોત્સવ

## સુભાષનગર-રજપુતવાડાના યુવાનના સ્ટેટસે પોલીસને દોડતી કરી

# યુવાને મોબાઈલમાં સ્ટેટસ ચડાવ્યું હુ જીવવા માંગતો નથી, મારો આજે છેલ્લો દિવસ છે

### નાઈટ પેટ્રોલીંગમાં રહેલા ઘોઘારોડ પીઆઈ અને તેની ટીમે યુવાનને શોધી પરિવારને સોપ્યો

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર શહેરના સુભાષનગર વિસ્તારમાં આવેલા રજપુતવાડાના યુવાને પોતાના મોબાઈલમાં ઈસ્ટાગ્રામ ઉપર સ્ટેટસ ચડાવ્યું હતું કે, તે હવે જીવવા માંગતો નથી. આજે મારો છેલ્લો દિવસ છે. જે સ્ટેટસના પગલે પોલીસ હરકતમાં આવી હતી. અને નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં રહેલા ઘોઘારોડ પોસ્ટેના પીઆઈ સહીતના સ્ટાફે યુવાનને શોધી તેની મુશ્કેલીઓનું નિરાકરણ લાવી પરિવારને સોપ્યો હતો.

બનાવની જાણવા મળતી વિગતો અનુસાર ગઈ રાત્રીના ઘોઘારોડ પોલીસ સ્ટેશનના નવનીયુક્ત પોલીસ ઈન્સપેક્ટર કે.એસ.પટેલ તથા ડી સ્ટાફ ઘોઘારોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતા. તે રાત્રીના એકાદ વાગ્યે ગુજરાત રાજય પોલીસ સ્ટેટ કંટ્રોલ તરફથી મેસેજ પાસ થયેલ કે એક જાગૃત નાગરીકે જાણ કરેલ કે ભાવનગર શહેર સુભાષનગર રજપુતવાડામાં રહેતા એક કિશોર નામે કિશનભાઈ અભેસંગભાઈ સોરઠીયાએ પોતાના મોબાઈલના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટથી સ્ટેટસ ચડાવેલ જેમાં પોતે હવે જીવવા માંગતા નથી અને આજ મરવા માટે છેલ્લો દિવસ છે જે માહીતી આધારે માત્ર અડધી કલાકના ટુકા સમયમાં ટેકનીકલ ટીમની મદદથી પોલીસ ઈન્સપેક્ટર પટેલ તેમના સ્ટાફએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટથી સ્ટેટસ ચડાવનાર કિશનભાઈ અભેસંગભાઈ સોરઠીયા (ઉ.વ. ૨૨, રહે.સુભાષનગર, રજપુતવાડા, પ્લોટ નં.૨૩૯૯/બી, ભાવનગર)ને શોધી કાઢી તેની જીવન જીવવામાં અડચણરૂપ મુશ્કેલીયો સાંભળી નીરાકરણ લાવી તેમના પિતા અભેસંગભાઈ દાનસંગભાઈ સોરઠીયાને સોંપી આપેલ હતો. ઘોઘારોડ પોલીસ સ્ટેશનના પીઆઈ અને તેમની ટીમએ ભારત દેશના એક યુવાનને પોતે કેવું અમૂલ્ય જીવન વેડફે છે તેવી સમજ ઉજાગર કરી માનવતા મહેકાવી હતી.

ભાવનગર પોલીસ દ્વારા સ્વાસ્થ્ય અને સલામતીના અભિગમને ધ્યાનમાં લઇ CPR ટ્રિનિંગ કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યુ.




